# ગુજરાત યુનિ.ના બીએસસી-6ના પરિણામમાં પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજની વિદ્યાર્થિની મિશા પ્રજાપતિ પ્રથમ ક્રમે


મિશા પ્રજાપતિ


રિયા મિશ્રા


કિશન વાવડારા


જૈનબ કપાસી

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી ટી.વાય.બીએસસીની સેમેસ્ટર-6ની પરીક્ષાના તાજેતરમાં જાહેર કરાયેલા પરિણામમાં પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજના 4 વિદ્યાર્થીઓએ માત્ર વિષય પ્રમાણે જ નહીં પણ તમામ સાયન્સ કોલેજોની સરખામણીમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. પ્રેસિડેન્ટ કોલેજની વિદ્યાર્થિની મિશા પ્રજાપતિ (બોટની )એ તમામ વિષયોમાં પ્રથમ ક્રમે આવીને ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે. પહેલી વખત કોઈ સ્વનિર્ભર કોલેજની વિદ્યાર્થિની ગુજરાત યુનિવર્સિટીના બીએસસીના છેલ્લા સેમેસ્ટરમાં પ્રથમ ક્રમે આવી છે. આ સાથે પ્રેસિડેન્ટ કોલેજના કુલ ચાર વિદ્યાર્થીએ ટોપ 50માં સ્થાન મેળવ્યું છે. જેમાં ઝૂઓલોજીમાં રિયા મિશ્રા 17માં રેંકમાં, બાયોટેકનોલોજીમાં કિશન વાવડારા 27માં રેંકમાં અને ઝૂઓલોજીમાં જૈનબ કપાસીએ 48 ક્રમમાં સ્થાન મેળવ્યું છે.

**પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજના ચાર વિદ્યાર્થીએ ટોપ 50માં સ્થાન મેળવ્યું**